**Extra No. 71** **REGISTERED No. G/GNR/2**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

**Vol. XLVII] TUESDAY, MARCH 7, 2006/PHALGUNA 16, 1927**

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

## PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

નાણા વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬.

ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક. જીએચએન-૭-એફઆરબી-૨૦-૨૦૦૫-૨૫૨-આર.: ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫(સન ૨૦૦૫ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા.**- આ નિયમો ગુજરાત રાજવિત્તીય જવાબદારી નિયમો, ૨૦૦૬ કહેવાશે.

૨. **વ્યાખ્યા.**-(૧)આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫;

(ખ) "આકસ્મિક જવાબદારીઓ" એટલે રાજય સરકારે, ગુજરાત રાજય બાંયધરી અધિનિયમ,૧૯૬૩ હેઠળ આપેલી કુલ સરકારી બાંયધરીઓની ટોચમર્યાદા વધે નહિ તે શરતને અધીન રહીને, રાજય સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના જે જાહેર ક્ષેત્રના અન્ડર ટેકિંગ અને બીજી સંસ્થાઓ માટે બાંયધરી આપેલી હોય તેવા અન્ડર ટેકિંગ અને સંસ્થાઓએ અને ઉછીના લીધેલા નાણાને લીધે ઊભી થતી રાજય સરકારની જવાબદારીઓ;

(ગ) "નમૂનો" એટલે આ નિયમોને જોડેલો નમૂનો;

(ઘ) "રાજયનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન(જીએસ.ડી.પી)" એટલે -વર્તમાન દરે રાજયનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન;

(ચ) "જાહેર દેવું" એટલે નાની બચતની લોન, સરકારે બજારમાંથી ઉછીના લીધેલા નાણા અને નાણાકીય વર્ષની શરૂઆતમાં ભારત સરકાર અને નાણાકીય સંસ્થાઓની બાકી (લેણી) લોન;

(છ)"કલમ" એટલે અધિનિયમની કલમ;

(૨) આ નિયમોમાં વપરાયેલા પરંતુ આમાં વ્યાખ્યાયિત ન થયેલા શબ્દો અને શબ્દ-યોગોનો, અધિનિયમમાં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

૩. **રાજવિત્તીય સૂચકો**.- કલમ ૨ના ખંડ(ઘ)માં વ્યાખ્યા કર્યા - માણે, સરકારની રાજવિત્તીય સ્થિતિનું મૂલ્યાંકન કરવાના હેતુ માટેના રાજવિત્તીય સૂચકોની સાથોસાથ-

(ક) રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી - માણેની મહેસૂલી ખાધ;

(ખ) રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી - માણેની રાજવિત્તીય ખાધ;

(ગ)રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી - માણેનું જાહેર દેવુ;

(ઘ) ભરવાની બાકી સરકારી બાંયધરીઆને, પણ વિચારણામાં લેવી જોઇશે.

૪. **મધ્યમ મુદતની રાજવિત્તીય નીતિવિષયક નિવેદન :-**

(૧) કલમ ૩ની પેટા-કલમ(૧) હેઠળ દરેક નાણાકીય વર્ષમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા ફરમાવેલી મધ્યમ મુદતની રાજવિત્તીય નીતિવિષયક નિવેદન નમૂના ક.૧માં હોવું જોઇશે અને તેમાં ત્રણ વર્ષના ક્રમવર્તી લક્ષ્યાંકોનો સમાવેશ કરવો જોઇશે.

(૨) મધ્યમ મુદતની રાજવિત્તીય નીતિવિષયક નિવેદન રાજવિત્તીય સૂચકો માટેના ઉપર જણાવેલા લક્ષ્યાંકો સાથે સંકળાયેલી ધારણાઓ અને કલમ ૩ની પેટા-કલમ(૩)માં દર્શાવેલી બાબતોને લગતી સ્થિરતાનું મૂલ્યાંકન પણ સ્પષ્ટ કરતું હોવું જોઇશે.

૫. **રાજવિત્તીય નીતિવિષયક ગોઠવણ અંગેનું નિવેદન.-**

કલમ ૩ની પેટા-કલમ(૧) હેઠળ દરેક નાણાકીય વર્ષમાં રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા ફરમાવેલી રાજવિત્તીય નીતિવિષયક ગોઠવણ સંબંધી નિવેદન નમૂના ૨-ક માં હોવું જોઇશે.

૬. **વાર્ષિક લક્ષ્યાંકો**.- કલમ ૪માં વર્ણવેલા રાજવિત્તીય વ્યવસ્થાના સિધ્ધાંતો લાગુ પાડીને કલમ ૫ હેઠળ ઉલ્લેખેલા લક્ષ્યાંકો સિધ્ધ કરવાથી દર વર્ષે અંદાજિત એકંદર રાજય ઘરગથ્થું ઉત્પાદનમાં મહેસૂલી ખાધમાં.........ટકાનો અને રાજવિત્તીય ખાધમાં......ટકાનો ઘટાડો થશે.

૭. **માહિતી જાહેર કરવા બાબત.-**

(૧) રાજ્ય સરકારે અંદાજપત્ર રજૂ કરતી વખતે અહીં નીચે ઠરાવેલા નમૂનામાં નીચે - માણેની માહિતી જાહેર કરવી જોઇશે:-

(ક) નમૂના ખ-૧માં રાજવિત્તીય સ્થિતિના સૂચકોનું નિવેદન;

(ખ) અનુક્રમે નમૂના ખ-૨(ક) અને ખ-૨(ખ)માં, રાજ્ય સરકાર જવાબદારીઓના ઘટકો અને ઉછીના લીધેલ નાણા/થાપણોની હેરફેર ઉપરના વ્યાજનું નિવેદન;

(ગ) નમૂના ખ-૩માં એકત્રિત ડૂબત ફંડનું નિવેદન;

(ઘ) નમૂના ખ-૪માં સરકારે આપેલી બાંયધરીઓનું નિવેદન;

(ચ) નમૂના ૫માં ભારિત-જોખમોવાળી બાકી બાંયધરીઓનું નિવેદન;

(છ) નમૂના ખ-૬માં બાંયધરી માફી ફંડનું નિવેદન;

(જ) નમૂના ખ-૭માં રાજય સરકારે ઊભી કરેલી પરંતુ મંજૂર ન થયેલી મહેસૂલી માંગનું નિવેદન;

(ઝ) નમૂના ખ-૮માં મોટા બાંધકામ અને કરાર સંબંધી જવાબદારી, જમીન સંપાદનના ચાર્જ સંબંધી સ્વીકારેલી જવાબદારી, બાંધકામ અને પુરવઠાના વણચૂકવાયેલા બિલોના સંબંધમાં રાજ્ય સરકાર પરના દાવાનું નિવેદન;

(ટ) નમૂના ખ-૯માં સરકાર, જાહેર સાહસો, સહાયિત સંસ્થાઓમાંના કર્મચારીઓની સંખ્યાની અને તેમના પગારને લગતી વિગતો અને પેન્શનરો અને નાણાકીય જવાબદારીઓની વિગતોનું નિવેદન;

(૨) ઉપર્યુકત જોગવાઇઓનું પાલન આ અધિનિયમ અમલમાં આવ્યેથી ત્રણ વર્ષની અંદર કરવું જોઇશે.

૮. **પાલન સુનિશ્ચિત કરવા અંગેના પગલાં.-** આવક અને ખર્ચના -વાહોની ત્રિમાસિક સમીક્ષા દરમિયાન, કોઇ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસના અંતે એવું જણાય કે-

(૧) કુલ બિન-દેવાયુકત આવક તે વર્ષના અંદાજપત્રીય અંદાજોના ૮૦ ટકા કરતાં ઓછી છે; અથવા

(૨) રાજવિત્તીય ખાધ તે વર્ષના અંદાજપત્રીય અંદાજોના ૨૦ ટકા કરતાં વધુ છે; અથવા

(૩) મહેસૂલી ખાધ તે વર્ષના અંદાજપત્રીય અંદાજોના ૨૦ ટકા કરતાં વધુ છે,

તો,-

(ક) કલમ ૭ની પેટા-કલમ(૩) હેઠળ ફરમાવ્યા -માણે રાજય સરકારે યોગ્ય પગલાં લેવા જોઇશે, અને

(ખ) કલમ ૭ની પેટા-કલમ(૩)માં જોગવાઇ કર્યા -માણે સમીક્ષાનો અહેવાલ, નાણાકીય વર્ષના અંત પછી તરત આવતા સત્ર દરમિયાન રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

**નમૂનો ક-૧**

**(જુઓ નિયમ ૪)**

**મધ્યમ મુદતનું રાજવિત્તીય નીતિવિષયક નિવેદન**

**ક. રાજવિત્તીય સૂચકો-ક્રમવર્તી લક્ષ્યાંકો.**

| ક્રમાંક | બાબત | અગાઉના વર્ષની વાસ્તવિકતા | | -વર્તમાન વર્ષના બજેટ અંદાજો | -વર્તમાન વર્ષના સુધારેલા અંદાજો | આગામી વર્ષના બજેટ અંદાજો વર્ષ(બીઇ) | આગામી બે વર્ષ માટેના લક્ષ્યાંકો | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ-૩ | વર્ષ-૨ | વર્ષ-૧ (બીઇ) | વર્ષ-૧ (આરઇ) | | વર્ષ-૧ | વર્ષ-૨ |
| | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧ | મહેસૂલી ખાધ | | | | | | | |
| ૨ | રાજવિત્તીય ખાધ | | | | | | | |
| ૩ | રાજયનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન | | | | | | | |
| ૪ | રાજયનું એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી -માણે રાજવિત્તીય ખાધ | | | | | | | |
| ૫ | રાજયનું એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી -માણે જાહેર દેવુ | | | | | | | |
| ૬ | બાકી સરકારી બાંયધરી | | | | | | | |

ખ.રાજવિત્તીય સૂચકો માટેની આધારરૂપ ધારણાઓ-

૧. મહેસૂલી આવકો

(ક) કર મહેસૂલ

(ખ) બિન-કર મહેસૂલ

(ગ) ભારત સરકારમાંથી ગ્રાન્ટ

૨. મૂડી આવકો

(ક) કેન્દ્રમાંથી લોન અને પેશગી

(ખ) એનએસએસએફને આપેલી ખાસ જામીનગીરીઓ

(ગ) ખુલ્લા બજારમાંથી ઉછીના લીધેલા નાણાં

(ઘ) નાણાકીય સંસ્થાઓમાંથી ઉછીના લીધેલા નાણાં

(ચ) લોન અને પેશગીની વસૂલાત

(છ) બીજી આવકો(ચોખ્ખી)--ોવિડન્ટ ફંડ વગેરે

૩. ખર્ચ

(ક) મહેસૂલી ખાતુ

(૧) વ્યાજની ચુકવણી

(૨) મોટી સબસીડી (સહાયકી)

(૩) પગાર

(૪) પેન્શન

(૫) અન્ય

(ખ) મૂડી ખાતુ

(૧) લોન અને પેશગી

(૨) મૂડી ખર્ચ જોગવાઇ

(૩) લોનની ફેરચુકવણી

(૪) જીએસડીપી વૃધ્ધિ

(ગ) (૧) મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ વચ્ચેની સમતુલા સંબંધિત સ્થિરતાનું મૂલ્યાંકન :- મધ્યમ મુદતનું રાજવિત્તીય નીતિ વિષયક નિવેદન, ચાલુ વર્ષ માટે વેરા રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનનું -માણ, પોતાના વેરા રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનનું -માણ કેન્દ્રિય વેરામાં રાજયનો ભાગ અને પછીના બે વર્ષ માટે તે સિધ્ધ કરવા માટે જરૂરી ફેરફારોની આકારણી સાથે નિર્દિષ્ટ કરી શકશે. તે બિનકર મહેસૂલ અને તેને લગતી નીતિઓ નિર્દિષ્ટ કરી શકશે. સમગ્ર ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા માટે સૂચિત પગલાં ઉપર ભારણની વિગત સાથે આયોજિત અને બિન આયોજિત બન્ને મહેસૂલી ખાતા ઉપરના ખર્ચની વિગત પણ આપી શકશે.તે પગાર, પેન્શન, સબસીડી

(સહાયકી)અને વ્યાજની ચુકવણી ઉપરનું ખર્ચ જણાવવા માટે નીતિઓ નિર્દિષ્ટ કરી

શકશે. ઘડેલી નીતિઓ -માણે ઉછીના લીધેલ નાણા અને બીજી જવાબદારીઓ સહિત મૂડી આવકોની આકારણી કરવી જોઇશે. પત્રકો રાજ્યનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન માટે યોજનાની રૂપરેખાઓ આપવી જોઇશે.

(૨) ઉત્પાદક અસ્કયામતો ઊભી કરવા માટે બજારમાંથી ઉછીના લીધેલ નાણા સહિતની મૂડી આવકોનો ઉપયોગઃ- મધ્યમ મુદતનું રાજવિત્તીય નીતિ વિષયક નિવેદન જુદી જુદી કક્ષાઓમાં ઉત્પાદક અસ્કયામતો ઊભી કરવા માટે મૂડી આવકોનો સૂચિત ઉપયોગ નિર્દિષ્ટ કરી શકશે તે આ કક્ષાઓમાં સૂચિત ફેરફારો પણ ઘડી શકશે અને સરકારની સમગ્ર નીતિ અનુસાર તેની ચર્ચા કરી શકશે.

(૩) આગામી દસ વર્ષ માટે વાસ્તવિક આધારે કાઢેલી અંદાજિત વાર્ષિક પેન્શન જવાબદારીઃ- આ અધિનિયમ અમલમાં આવ્યા પછીના -થમ ત્રણ વર્ષની મુદત દરમિયાન વાસ્તવિક આધારે પેન્શન જવાબદારીની ગણતરી શકય ન હોય તે કિસ્સામાં, રાજય સરકાર, તે મુદત દરમિયાન વૃદ્ધિ વલણ દર (દા.ત-જેની માહિતી -ાપ્ય હોય તેના છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન પેન્શનની ખરેખર ચુકવણીના વૃદ્ધિના સરેરાશ દર)ના આધારે પૂર્વધારણા કરીને પેન્શન જવાબદારી અંદાજી શકશે.

## નમૂનો ક-૨
(જુઓ નિયમ ૫)
## રાજવિત્તીય નીતિવિષયક ગોઠવણનું નિવેદન

ક. રાજવિત્તીય નીતિનું વિહંગાવલોકનઃ- આ પરિચ્છેદ હાલમાં અમલી રાજવિત્તીય નીતિનું વિહંગાવલોકન દર્શાવે છે.

ખ. આગામી નાણાકીય વર્ષ માટેની રાજવિત્તીય નીતિઃ- આ પરિચ્છેદની સાથોસાથ નીચેની બાબતોને લગતા છ પેટા-પરિચ્છેદ હોવા જોઇશે,

(૧) વેરા વિષયકની નીતિ-

વેરાવિષયક નીતિમાં રાજ્ય સરકારનો અભિગમ રાજવિત્તીય સુધારાને લગતો છે. તે હેઠળ આગામી નાણાકીય વર્ષમાં જુદા જુદા વેરા રજૂ કરવામાં આવશે. તેમાં જુદા જુદા વેરામાંથી મુકિતની આકારણી બાબત અને વેરા મુકિતના સિધ્ધાંતો સાથે તે કેટલે અંશે સંગત છે તેનો સમાવેશ કરાશે.

(૨) વપરાશ માટે ચાર્જ લેવા બાબતઃ-

જાહેર સેવાઓના વપરાશ માટે લેવાના ચાર્જમાં કરવા ધારેલા ફેરફારોને આખરી સ્વરૂપ આપવામાં આવશે.

(૩) નાણા ઉછીના લેવા અને બીજી જવાબદારીઓઃ-

ભારતીય રિઝર્વ બેન્કમાંથી ડબલ્યુ.એમ. એ/ઓ. ડી. સુવિધા મેળવવા સહિત આંતરિક રીતે નાણા ઉછીના લેવાને લગતી નીતિ દર્શાવવામાં આવશે. તેમાં જાહેર ક્ષેત્ર અન્ડરટેકિંગે ઉછીના લીધેલા નાણા, વિશેષ હેતુ ધરાવતા માધ્યમો અને મહત્વની અંદાજપત્રીય બાબતો સાથે સંકળાયેલી બાબતો પણ તેમાં દર્શાવવી જોઇશે.

(૪) ખર્ચ નીતિઃ-

ખર્ચ નીતિ હેઠળ, ખર્ચના ઘટકોનું વલણ અને ખર્ચની ફાળવણી અંગેના ચાર્જ દર્શાવવા જોઇશે. તેમાં લાભાર્થીઓના લાભો અને તેના લક્ષિત જૂથને લગતા સિધ્ધાંતોની પણ છણાવટ હોવી જોઇશે.

(૫) આકસ્મિક અને બીજી જવાબદારીઓઃ-

મહત્વની અંદાજપત્રીય બાબતો સાથે સંકળાયેલી હોય તેવી બાબતો સમાવતા આકસ્મિક અને બીજી જવાબદારીઓમાંના, ખાસ કરીને બાંયધરીઓને લગતા, કોઇ ફેરફાર દર્શાવવા જોઇશે. જેની ફેરચુકવણીની જવાબદારી રાજ્ય સરકારની હોય તેવા વિશેષ હેતુ ધરાવતા માધ્યમો અને બીજા તેના જેવા લેખોથી નાણા ઉછીના લેવાને લગતી નીતિમાંના કોઇ ફેરફાર દર્શાવવા જોઇશે. બાંયધરી ચુકવણી ફંડ ઊભું કરવા અને આપેલી બાંયધરી માટે વસૂલ કરેલ કમિશન અથવા ચાર્જ અંગેની નીતિ પણ તેમાં દર્શાવવી જોઇશે.

ગ. આગામી વર્ષ માટેની વ્યૂહાત્મક અગ્રતાઓ.

(૧) આગામી નાણાકીય વર્ષ માટે કર, બિન કર અને બીજી આવકો મારફતે સાધનની જમાવટ માટે વિસ્તૃત અભિગમ ઘડવો જોઇશે.

(૨) આગામી વર્ષ દરમિયાન ખર્ચ વ્યવસ્થા અંતર્ગત વિસ્તૃત સિધ્ધાંતો ઘડવા જોઇશે.

(૩) આગામી વર્ષ દરમિયાન સૂચિત જાહેર દેવાની વ્યવસ્થાને લગતી અગ્રતાઓનો નિર્દેશ કરવો જોઇશે.

ઘ. નીતિમાં ફેરફારનું તાર્કિક વિવરણ

(૧) આગામી અંદાજપત્રમાં સૂચિત વેરાના સંબંધમાં મધ્યમ મુદતના રાજવિત્તીય નીતિ વિષયક નિવેદનને સુસંગત નીતિ ફેરફારો માટેનું તાર્કિક વિવરણ તૈયાર કરવું જોઇશે.

(૨) સબસીડી(સહાયકી) અને પેન્શન ઉપરના ખર્ચ સહિત અંદાજિત ખર્ચના સંબંધમાં નીતિમાં મોટા ફેરફારો માટેનું તાર્કિક વિવરણ જણાવવું જોઇશે.

(૩) જાહેર દેવાની વ્યવસ્થામાં કોઇ સૂચિત ફેરફારો હોય તો તેનું તાર્કિક વિવરણ જણાવવું જોઇશે.

ચ. નીતિવિષયક મૂલ્યાંકન

આ પચ્છિેદમાં, મધ્યમ મુદતના રાજવિત્તીય નીતિ વિષયક નિવેદનમાં જણાવેલા રાજવિત્તીય ખાધ ઘટાડા અને હેતુઓના સંદર્ભમાં આગામી વર્ષ માટે રાજવિત્તીય નીતિમાં સૂચિત ફેરફારોનું મૂલ્યાંકન હોવું જોઇશે.

**નમૂનો ખ-૧**

**રાજવિત્તીય સૂચકો**

| અનુ ક્રમાંક | બાબત | અગાઉના વર્ષની વાસ્તવિકતા | | ચાલુ વર્ષ | ચાલુ વર્ષ | આગામી વર્ષ |
|---|---|---|---|---|---|---|
| | | વર્ષ-૩ | વર્ષ-૨ | વર્ષ-૧ બીઇ | વર્ષ-૧ બીઇ | વર્ષ બીઇ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | મહેસૂલી ખાધ | | | | | |
| ૨ | રાજવિત્તીય ખાધ | | | | | |
| ૩ | જાહેર દેવું | | | | | |
| ૪ | રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી -માણે મહેસૂલી ખાધ | | | | | |
| ૫ | રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી -માણે રાજવિત્તીય ખાધ | | | | | |
| ૬ | રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનની ટકાવારી -માણે જાહેર દેવું | | | | | |
| ૭ | મહેસૂલી ખર્ચમાં પોતાની મહેસૂલી આવકો | | | | | |
| ૮ | એકંદર રાજવિત્તીય ખાધની ટકાવારી -માણે મૂડી-ખર્ચ જોગવાઇ | | | | | |
| ૯ | મહેસૂલી આવકની ટકાવારી - માણે વ્યાજની ચુકવણી | | | | | |
| ૧૦ | મહેસૂલી આવકની ટકાવારી - માણે પગાર ખર્ચ | | | | | |
| ૧૧ | મહેસૂલી આવકની ટકાવારી - માણે પેન્શન ખર્ચ | | | | | |
| ૧૨ | કુલ સીધી સબસીડી (સહાયકી) | | | | | |

## નમૂનો ખ-૨(ક)
## (જુઓ નિયમ ૭)
## ક. રાજ્ય સરકારની જવાબદારીના ઘટકો

(રૂા.કરોડમાં)

| અનુ. ક્રમ. | વર્ગ | રાજવિત્તીય વર્ષમાં ઊભું કરેલ | | રાજવિત્તીય વર્ષમાં ફેરચૂકવણી / મુકિત | | બાકી રકમ (માર્ચના અંતે) | |
|---|---|---|---|---|---|---|---|
| | | અગાઉનું વર્ષ (વર્ષ-૨) (ખરેખર) | - વર્તમાન વર્ષ (આરઇ) વર્ષ-૧ | અગાઉનું વર્ષ(વર્ષ-૨) (ખરેખર) | - વર્તમાન વર્ષ (આરઇ) વર્ષ-૧ | અગાઉનું વર્ષ(વર્ષ-૨) (ખરેખર) | - વર્તમાન વર્ષ (આરઇ) વર્ષ-૧ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧. | એનએસએસએફને કાઢી આપેલી ખાસ જામીનગીરીઓ | | | | | | |
| ૨. | કેન્દ્ર તરફથી મળેલ લોન | | | | | | |
| ૩. | બજારમાંથી ઉછીના લીધેલા નાણા | | | | | | |
| ૪. | નાણાકીય સંસ્થાઓ / બેંકોમાંથી ઉધાર લીધેલ નાણા | | | | | | |
| | જાહેર દેવું (૧થી૪) | | | | | | |
| ૫. | ભારતીય રિઝર્વ બેન્ક તરફથી ડબલ્યુએમએ / ઓડી | | | | | | |
| ૬. | નાની બચતો, -ોવિડન્ટ ફંડ,વગેરે. | | | | | | |
| ૭. | પેન્શનની જવાબદારીઓ | | | | | | |
| ૮. | અનામત ભંડોળ/ થાપણો | | | | | | |
| ૯. | અન્ય જવાબદારીઓ | | | | | | |
| | કુલ જવાબદારીઓ (૧થી ૯) | | | | | | |

## નમૂનો ખ-૨ (ખ)
## (જુઓ નિયમ ૭)
## ખ. રાજય સરકારની જવાબદારીઓ પર ભારિત સરેરાશ વ્યાજ દર

(રૂા. કરોડમાં)

| અનુ. ક્રમ. | વર્ગ | રાજયવિત્તીય વર્ષમાં ઊભું કરેલ | | બાકી રકમ (માર્ચના અંતે) | |
|---|---|---|---|---|---|
| | | અગાઉનું વર્ષ ખરેખર | - વર્તમાન વર્ષ (આર-ઇ) | અગાઉનું વર્ષ ખરેખર | - વર્તમાન વર્ષ (આર.ઇ) |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | એનએસએસએફને કાઢી આપેલી ખાસ જામીનગીરીઓ | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨. | કેન્દ્ર તરફથી મળેલ લોન | | | | |
| ૩. | બજારમાંથી ઉછીના લીધેલા નાણા | | | | |
| ૪. | નાણાકીય સંસ્થાઓ / બેંકોમાંથી ઉધાર લીધેલ નાણા | | | | |
| | જાહેર દેવું(૧થી૪) | | | | |
| ૫. | ભારતીય રિઝર્વ બેન્ક તરફથી ડબલ્યુએમએ/ ઓડી | | | | |
| ૬. | નાની બચતો, -ોવિડન્ટ ફંડ,વગેરે | | | | |
| ૭. | પેન્શનની જવાબદારીઓ | | | | |
| ૮. | અનામત ભંડોળ/ થાપણો | | | | |
| ૯. | અન્ય જવાબદારીઓ | | | | |
| | કુલ જવાબદારીઓ (૧થી ૯) | | | | |

( ) સંબંધિત ભારણ ઉછીની લીધેલી રકમ તરીકે હોય ત્યારે ભારિત સરેરાશ વ્યાજ દર કરારના આધારે ગણ્યા પછી વાર્ષિક ધોરણે ગણવામાં આવે છે.

(*) ભારણ રાજય સરકારની જવાબદારીઓના ઘટક સંબંધી રકમ તરીકે હોય ત્યારે ભારિત સરેરાશ વ્યાજ.

ઉદાહરણ ૧

ધારો કે સરકારે રૂ.૬,૦૦૦ કરોડની સરેરાશ રકમ માટે એક રાજવિત્તીય વર્ષ દરમિયાન બજારમાંથી ત્રણ વખત સ્રોતો ઊભા કર્યા હોય, વ્યાજનો વાર્ષિક દર રૂ.૧,૦૦૦ કરોડ, રૂ.૨,૦૦૦ કરોડ અને રૂ.૩,૦૦૦ કરોડ માટે અનુક્રમે ૧૦ ટકા, ૧૨ ટકા અને ૧૪ ટકા હતો. તેથી વર્ષ દરમિયાન ઊભા કરવામાં આવેલા સ્રોતનો ભારિત સરેરાશ વ્યાજ દર નીચે -માણે થશે :-

[રૂ.૧૦૦૦* (૧૦/૧૦૦)+૨૦૦૦*(૧૨/૧૦૦) + ૩૦૦૦* (૧૪/૧૦૦)} / (૧૦૦૦+૨૦૦૦+૩૦૦૦)] *૧૦૦

= [૧૦૦+૨૪૦+૪૨૦]/૬૦૦૦* ૧૦૦

= (૭૬૦/૬૦૦૦) *૧૦૦

=૧૨.૬૭%

**ઉદાહરણ ૨**

ધારો કે અગાઉનું વર્ષ અને -વર્તમાન વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ને લગતું છે. ધારો કે એનએસએસએફને સરકારે કાઢી આપેલી ખાસ જામીનગીરીઓની કુલ બાકી રકમ માર્ચ ૨૦૦૨ના અંતે રૂ.૧૦૦૦ કરોડ અને માર્ચ ૨૦૦૩ના અંતે રૂ.૧,૫૦૦ કરોડ હતી. ધારો કે, વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમિયાન આ વર્ષના ખાતામાં સરકારે વ્હોરેલો કુલ વ્યાજનો ખર્ચ અનુક્રમે રૂ ૧૦૦ કરોડ અને ૧૨૦ કરોડ થાય, તો અગાઉના વર્ષ દરમિયાન (દા.ત.૨૦૦૨-૦૩) એનએસએસએફને કાઢી આપવામાં આવેલ ખાસ જામીનગીરીઓની બાકી રકમો પરનું ભારિત સરેરાશ વ્યાજ ૧૦૦/૧૦૦૦=૧૦ ટકા જેટલું થશે. તે જ -માણે, ચાલુ વર્ષ દરમિયાન (દા.ત.૨૦૦૩-૦૪) એનએસએસએફને કાઢી આપવામાં આવેલ ખાસ જામીનગીરીઓની બાકી રકમો પરનું ભારિત સરેરાશ વ્યાજ ૧૨૦/૧૫૦૦=૮ ટકા જેટલું થશે.

**નમૂનો ખ-૩**
**(જુઓ નિયમ ૭)**
**એકત્રિત ડૂબત ફંડ**

**(રૂા. કરોડ)**

| અગાઉના વર્ષના આરંભે સીએસએફ માં બાકી સિલક | અગાઉ ના વર્ષ દરમિયાન વધારો | અગાઉના વર્ષમાં સીએસ-એફમાંથી ઉપાડ | અગાઉના વર્ષના અંતે /- વર્તમાન વર્ષના આરંભે સીએસએફમાં બાકી સિલક | કોલમ-૪ એસએલઆર નો ઉછીનો સ્ટોક લીધેલા બાકી (%) | - વર્તમાન વર્ષ દરમિયાન વધારા | - વર્તમાન વર્ષ દરમિયાન સીએસએફ માંથી ઉપાડ | - વર્તમાન વર્ષના અંતે/ આવતા વર્ષના આરંભે સીએસએફ માં બાકી રકમ | કોલમ ૮ એસએલઆર નો ઉછીનો બાકી સ્ટોક (% ) |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

**નમૂનો ખ-૪**
**(જુઓ નિયમ ૭)**
**સરકારે આપેલ બાંયધરીઓ**
**(રજૂઆતના વર્ષના અંતે હોય તે મુજબ)**

**(રૂા. કરોડ)**

| વર્ષ (કૌંસમાં બાંયધરી ક્રમાંક) | વર્ષ દરમિયાન બાંયધરી આપેલ મહત્તમ રકમ | વર્ષના આરંભે બાકી | વર્ષ દરમિયાન વધારો | વર્ષ દરમિયાન ઘટાડા (વર્ષ દરમિયાન ઊભા કરેલા હોય તે સિવાયના) | વર્ષ દરમિયાન ઉભા કરેલા (કરોડ) | | વર્ષના અંતે બાકી | બાંયધરી કમિશન અથવા ફી (રૂ. કરોડ) | | નોંધો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મુકત કરેલી | મુકત ન કરેલી | | મેળવવા પાત્ર | મેળવેલી | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

નોંધ :- રિપોર્ટિંગ વર્ષ એટલે, જે વર્ષ માટે અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હોય તેનું આગામી / અગાઉનું વર્ષ

## નમૂનો ખ-૫
## (જુઓ નિયમ ૭)
## બાકી જોખમ-ભારિત બાંયધરીઓ

(રૂ. કરોડમાં)

| સંભવિત બાકી | જોખમ ભાર (બોજો)(ટકા) | અગાઉના વર્ષ અને -વર્તમાન વર્ષ મુજબ બાકી રકમ | અગાઉના વર્ષ અને -વર્તમાન વર્ષમાં જોખમ ભારિત બાકી બાંયધરીઓ |
|---|---|---|---|
| સીધી જવાબદારીઓ | ૧૦૦ | | |
| ઊંચું જોખમ | ૭૫ | | |
| મધ્યમ જોખમ | ૫૦ | | |
| નીચું જોખમ | ૨૫ | | |
| અત્યંત નીચું જોખમ | ૫ | | |
| કુલ બાકી | | | |

નોંધઃ- વિવિધ કક્ષા માટે જોખમ ભારપૂર્વ-નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે.

## નમૂનો ખ-૬
## (જુઓ નિયમ ૭)
## બાંયધરી ફેડણી ફંડ(જીઆરએફ)

(રૂ. કરોડમાં)

| અગાઉના વર્ષના અંતે માંગેલી બાકી બાંયધરીઓ | અગાઉના વર્ષના અંતે બાંયધરી ફેડણી ફંડમાં બાકી રકમ | -વર્તમાન વર્ષ દરમિયાન માંગવાની સંભાવના હોય તેવી બાંયધરીઓમાંની રકમ | -વર્તમાન વર્ષ દરમિયાન બાંયધરી ફેડણી ફંડમાં ઉમેરો | -વર્તમાન વર્ષ દરમિયાન બાંયધરી ફેડણી ફંડમાંથી ઉપાડ | -વર્તમાન વર્ષના અંતે બાંયધરી ફેડણી ફંડમાં બાકી રકમ |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| | | | | | |

## નમૂનો ખ-૭
## (જુઓ નિયમ ૭)
## ઊભી થયેલી પરંતુ મેળવી ન શકાયેલી વેરાપાત્ર મહેસૂલ (મુખ્ય વેરાઓ)

(રિપોર્ટીંગ વર્ષના અંતે)

| મુખ્ય સદર | વિગત | વિવાદ હેઠળની રકમ (રૂપિયામાં) | | | | | વિવાદ હેઠળ ન હોય તેવી રકમ (રૂપિયામાં ) | | | | | કુલ સરવાળો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એક વર્ષ કરતાં વધુ, પરંતુ બે વર્ષ કરતાં ઓછુ. | બે વર્ષ કરતાં વધુ પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછું | પાંચ વર્ષ કરતાં વધુ, પરંતુ દસ વર્ષ કરતાં ઓછું. | દસ વર્ષ કરતાં વધુ | કુલ | એક વર્ષ કરતાં વધુ, પરંતુ બે વર્ષ કરતાં ઓછું. | બે વર્ષ કરતાં વધુ, પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછું | પાંચ વર્ષ કરતાં વધુ, પરંતુ દસ વર્ષ કરતાં ઓછું. | દસ વર્ષ કરતાં વધુ | કુલ | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) |
| | વ્યવસાયો ઉપર વેરા | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જમીન મહેસૂલ | | | | | | | | | | | |
| | સ્ટેમ્પ અને રજિસ્ટ્રેશન ફી | | | | | | | | | | | |
| | ગુજરાત વેચાણવેરા | | | | | | | | | | | |
| | કેન્દ્રિય વેચાણ વેરો | | | | | | | | | | | |
| | મોટર સ્પિરિટ વેરો | | | | | | | | | | | |
| | વેચાણ વેરા ઉપર સરચાર્જ (અધિક કર) | | | | | | | | | | | |
| | રાજય આબકારી | | | | | | | | | | | |
| | વાહનો ઉપર વેરા | | | | | | | | | | | |
| | વિદ્યુત શુલ્ક | | | | | | | | | | | |
| | બીજા વેરા | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | |

નોંધ :- રિપોર્ટીંગ વર્ષ એટલે જે વર્ષ માટે વાર્ષિક નાણાકીય પત્રક અને મંજૂરી માટેની માંગણી રજૂ કરવામાં આવી હોય તે વર્ષ અગાઉનું બીજું વર્ષ.

**નમૂનો ખ-૮**

**(જુઓ નિયમ ૭)**

**બાકી પરચૂરણ જવાબદારીઓનું પત્રક**

**(રૂા. કરોડમાં)**

| | **બાકી રકમ** |
|---|---|
| મોટા બાંધકામ અને કોન્ટ્રાકટના સંબંધમાં ખાતરી આપેલી જવાબદારીઓ | |
| જમીન સંપાદન ચાર્જના સંબંધમાં ખાતરી આપેલી જવાબદારીઓ | |
| બાંધકામ અને પુરવઠાના વણચૂકવાયેલા બિલોના સંબંધમાં દાવાઓ. | |

બાકી રકમ - વર્તમાન વર્ષ પહેલાના વર્ષના માર્ચ મહિનાની આખરની સ્થિતિને લગતી છે.

**નમૂનો ખ-૯**

**(જુઓ નિયમ ૭)**

**કર્મચારીઓ અને પેન્શનરોની સંખ્યા અને પગાર અને પેન્શનનું ખર્ચ**

| અનુ ક્રમાંક | વર્ગ | સંખ્યા | | | પગાર/ પેન્શન (રૂ. કરોડમાં) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | અગાઉનું વર્ષ | - વર્તમાન વર્ષ | આગામી વર્ષ (અંદાજિત અંદાજપત્ર) | અગાઉનું વર્ષ | - વર્તમાન વર્ષ | આગામી વર્ષ (અંદાજિત અંદાજપત્ર) |
| | | વર્ષ-૨ | વર્ષ-૧ | વર્ષ | વર્ષ-૨ | વર્ષ-૧ | વર્ષ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ક. | | | | | | | |
| ૧. | સરકારી વિભાગોમાંના કર્મચારીઓ | | | | | | |
| ૨. | જાહેર ક્ષેત્રોમાંના કર્મચારીઓ | | | | | | |
| ૩. | સહાયિત સંસ્થામાંના કર્મચારીઓ | | | | | | |
| | કુલ | | | | | | |
| ખ. | પેન્શનની જવાબદારીઓ | | | | | | |
| ૧. | સરકારી વિભાગોમાંના પેન્શનરો | | | | | | |
| ૨. | જાહેર ક્ષેત્રોમાંના પેન્શનરો | | | | | | |
| ૩. | સહાયિત સંસ્થામાંના પેન્શનરો | | | | | | |
| | પેન્શનરોની કુલ જવાબદારી | | | | | | |

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

**એન. શ્રીવાસ્તવ,**

સરકારના સંયુકત સચિવ.

-------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.